


## સલામી સવારની..

*સત્તાના ભેદી કિલ્લા બનાવી ભોળી પ્રજાને લૂંટે છે,*
*જમીન દબાવે, સેના બનાવે, માત્ર 'ધર્મ' ખૂટે છે,*
*ચૂંટે ચોરભાઈ, ભાઈને જ રચાય 'યાદવા' સ્થળી -*
*અનેક 'રામ'પાલો અહીં 'રામ'વૃક્ષમાંથી ફૂટે છે...*
*(મથૂરાના રાજા)*

### હાઈકુ

*રચે નેતાઓ,*
*સ્વતંત્ર ભારતમાં -*
*મત જાગીરો...*

*ઘરમાં કોબ્રા,*
*ને કરે કોલાહલ -*
*આતંક સામે...*

### ચિંતન

**ચિકિત્સકઃ શલ્યકર્તાવકીર્ણી**
**સ્તેનઃ ક્રૂરો મદ્યપો ભ્રૂહાચ ।**
**સેનાજીવી શ્રુતિ વિક્રાયકશ્ચ**
**ભૃશં પ્રિયોઅપ્યતિથિર્નો દકાર્હ : ॥**

વૈદ્ય-ડૉકટર-તબીબ, અને હથિયાર બનાવનાર (એકબીજા દેશોને હથિયાર વેંચનારા), બ્રહ્મચર્યથી ભ્રષ્ટ એવા દુષ્કર્મીઓ, ભ્રૂણ હત્યા કરનારા - કરાવનારા તમામ, સેના-ગેંગ બનાવી તેના પર આજીવિકા ચલાવનારા (ગેંગ લીડર) કે યુદ્ધ પર જ જેનું ગુજરાન ચાલે - ચલાવે છે તેવા, વેદ-શાસ્ત્રોના ગ્રંથોનો વિક્રય કરનારા કે એનું શિક્ષણ કરી પૈસા કમાઈ લેનારા - વેદ ભણાવનારા, (પગાર નહીં દક્ષિણા પ્રાપ્ત કરી શકે!)

આટલા લોકો - વ્યક્તિઓ તમને ગમે તેટલાં ગમે - પસંદ હોય છતાં જો તે તમારા મહેમાન - અતિથિ તરીકે આવે તો તેનું મનથી સ્વાગત પણ ન કરવું. નાહવા - પીવાનું પાણી પણ ન આપવું.

### સુવિચાર

- સ્વપ્ન ખાનગી છે, સત્ય ખાનગી નથી, સત્ય એ ક્રિશ્ચિયન કે હિંદુ કે ગ્રીક કે રશિયન ન હોઈ શકે, ઈશ્વર વિનાનું તત્ત્વજ્ઞાન વાંઝિયું છે, સત્ય ઈશ્વરનો પર્યાપ છે - **અરવિંદ**
- વસ્તુ ધૂંધળી દેખાય તો એ દૂર જ હોય એવું જરુરી નથી... બની શકે તમારી નજર કમજોર પણ હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- તવંગરો પોતાની સંપત્તિનું ઘમંડ ભલે રાખે... પણ જ્યાં સુધી તે પોતાની સંપત્તિનો કેવો ઉપયોગ કરે છે તે જાણવામાં ન આવે ત્યાં સુધી તેની પ્રશંસા ન કરી શકાય - **સોક્રેટિસ**
- 'ધુમ્મસ હોય ત્યારે સૂર્યનું કિરણ થવામાં મને રસ છે, જયાં બરફ પડતો હોય ત્યાં હું તાપણું થાતું એ મારી અંગત તરસ છે' - **સુરેશ દલાલ**
- હાથ મળે ત્યાં હેત-હેતને... આંખ મળે ત્યાં મેળા... હૃદય મળે ત્યાં ઉત્સવ ઉત્સવ... એ જ આરતી વેળા - **મનોહર ત્રિવેદી**
- તંદુરસ્ત + પ્રસન્ન રહેવા માટે જમવાનું અડધું કરો, પાણી પીવાનું બમણું કરો, શ્રમ ત્રણ ગણો કરો અને હસવાનું ચાર ગણું છે' - **યોગસૂત્ર (સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઘણીવાર આપણે 'માણસ'ને સાચી રીતે ઓળખી નથી શકતા (તેનો સ્વભાવ - મહાનતા-મોટાઈ - સ્તર વગેરેથી) અને એને આપણી 'દ્દષ્ટિ'ના માપથી જ જોઈ - માપીએ છીએ.

મહાત્મા ટોલ્સ્ટોય ચિંતક - લેખક અને મોટા જમીનદાર પણ હતા પણ સાદગી પૂર્ણ જીવન જીવતા હતા. રેલ્વે સ્ટેશનના પ્લેટ ફોર્મ પર આંટા મારતા હતા. ટ્રેન ઉપડવાને સમય હતો. ઉમરાવની પત્નીને અચાનક ટપાલ પેટીમાં નાખવાનું યાદ આવ્યું. કુલ્લી સમજી ટોલ્સટોયને બોલાવ્યા અને કહ્યું આ ટપાલ સ્ટેશન બહાર 'બોક્સ'માં નાખી દે જે... અને આ તારો પુરસ્કાર કહી એક નાનો સિક્કો આપ્યો.

ટોલ્સટોયે સિક્કો લીધો - આભાર માની જતા જ હતા ત્યાં પેલી સ્ત્રીનો રુચિ ઉમકાવ આવ્યો. ટોલ્સટોયને જોઈ વંદન કર્યા. વાતચીત કરી અને કહ્યું આવો, આ બારી પાસે બેઠેલી મારી પત્નીનો પરિચય કરાવું...

આવા મહાન માણસને મળી પત્ની શરમાઈ ગઈ - માફી માગી અને કહ્યું મેં આપને આપેલો પેલો સિક્કો પાછો આપો! ટોલ્સટોય કહે એ તો મારા કામનો પુરસ્કાર છે એ તો હવે પાછો ન અપાય! - કહી સસ્મિત વિદાય થયા...

# ઉડતા પંજાબ'ની વિડંબના

ફિલ્મ સેન્સર બોર્ડના વડા પહલાજ નિહલાનીએ 'ઉડતા પંજાબ' પર રાજકીય આકાઓના ઈશારે કાતર ફેરવી હોવાની શંકામાં ઘણું બધું તથ્ય લાગે છે. પંજાબમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે અને તે જ સમયે પંજાબમાં ફેલાયેલી ડ્રગ્સની બદી, ડ્રગ્સ કારોબાર સાથે શાસકોની સાંઠગાંઠ ઈત્યાદિ મુદ્દા વર્તમાન બાદલ સરકારની ઈમેજ ખંડિત કરી શકે છે. પંજાબમાં ભારતીય જનતા પાર્ટી એકલા હાથે ચૂંટણી લડી શકે તેમ નથી, એની ખાતરી પછી હવે જેવા છે તેવા અકાલી દળના નેતાઓને સાથે રાખીને ભારતીય જનતા પાર્ટી સત્તામાં ભાગીદારી કરવા ઉત્સુક છે. કેન્દ્રમાં બાદલનાં પુત્રવધૂને મંત્રીપદું અપાયું છે. પંજાબનું રાજકારણ મહદંશે કેરળ અને તામિલનાડુ જેવું રહ્યું છે. ત્યાં વારાફરતી કોંગ્રેસ અને શિરોમણિ અકાલી દળ સત્તાની સંતાકૂકડી રમતાં રહે છે. બેઉ પાર્ટીઓની પોતતપોતાની મર્યાદાઓ છે તેમ વિશેષતાઓ પણ છે. હિંદુ મતદાતાઓ અને ઉદારમતવાદી શીખો ભેગા મળીને કોંગ્રેસને જીતાડતા રહેતા તે સમીકરણ ભાજપની એન્ટ્રી પછી બદલાયું છે. શિરોમણિ અકાલી દળ એક જ પરિવારની જાગીર જેવું બની રહ્યું હોવા છતાં પંજાબના પ્રખર અકાલી નેતા ગુરુચરણસિંહ તોહડાની ચિરવિદાય પછી પ્રકાશસિંહ બાદલ સામે વિરોધનો સૂર ઉઠાવે એવું અકાલી દળનું કોઈ ફાંટિયું ચિત્રમાં રહ્યું નથી. એથી બાદલને ખુલ્લું મેદાન જરુર મળી ગયું છે પણ એનો ખૂબ જ ગેરલાભ લઈ બાદલના પરિવાર અને સગાસંબંધીઓએ પંજાબને ડ્રગ્સ જેવા મોતના સોદાનું બજાર બનાવી મૂક્યું છે. બાદલના પુત્ર અને પંજાબના ઉપમુખ્યમંત્રી સુખબીરસિંહના સાળા મજીઠિયા સામે તો ડ્રગ્સની ગેરકાયદેસર હેરાફેરીમાં સામેલ હોવાનું પુરવાર

## તંત્રીસ્થાનેથી...

પણ થયું છે. આ બાદલ પરિવારથી ત્રાસીને ક્રિકેટરમાંથી રાજકારમી બનેલા નવજોત સિદ્ધુએ ભાજપની વરિષ્ઠ નેતાગીરી સામે વારંવાર નારાજગી વ્યક્ત કરી હતી. આખરે એમને મનાવી લઈને રાજયસભાના નિયુક્ત સભ્ય બનાવી દેવાયા છે. પરંતુ પંજાબમાં પટિયાલાના રાજાના નેતૃત્વમાં કોંગ્રેસનું બળ પણ ઓછું આંકી શકાય એમ નથી તેમ લોકસભાની ચૂંટણીમાં બહુ જ અણધારી સફળતા મળતાં આમ આદમી પાર્ટીએ પણ ત્રીજા પરિબળ તરીકે કાઠું કાઢ્યું છે. 'ઉડતા પંજાબ' ફિલ્મના સહનિર્માતા આમ આદમી પાર્ટીના સભ્ય છે. એથી આ ફિલ્મનો ઉદ્દેશ અકાલી-ભાજપા સરકાર સામે પ્રજામત ઊભો કરી 'આપ' ને લાભ પહોંચાડવાનો છે, એવા આક્ષેપમાં પણ તથ્ય તો છે જ. પરંતુ હાઈકોર્ટ આવી ગણતરીઓ ધ્યાને લેતી નથી. પંજાબમાં ચાલી રહેલી ડ્રગ્સની હેરાફેરી અને નવી પેઢીની બરબાદીનું બિહામણું ચિત્ર રજૂ કરીને ફિલ્મ નિર્માતા પંજાબને બદનામ કરવા માગતા હોવાનો સેન્સર બોર્ડનો આરોપ હાઈકોર્ટે સ્વીકાર્યો નથી. હાઈકોર્ટે પહલાજ નિહલાની દ્વારા મુકાયેલા ૮૯ સેન્સરકટનો વિરોધ કર્યો છે. એણે ફિલ્મ સારી છે કે ખરાબ તે નક્કી કરવાનું કામ પ્રેક્ષકોનું છે, નહીં કે સેન્સર બોર્ડનું એવું વલણ અપનાવ્યું છે. 'ઉડતા પંજાબ' માં જે અશ્લીલ દશ્યો, અભદ્ર ભાષા કે નશાખોરીની રજૂઆત છે એવું ગોવા વિશેની ફિલ્મોમાં ઘણીવાર રજૂ થઈ ચૂક્યું છે. જો એ વખતે ફિલ્મમાંથી 'ગોવા' નું નામ રદ ન થયું હોય તો આ ફિલ્મમાંથી 'પંજાબ' શબ્દ રદ કરવાની શી જરુર છે? કઠોર વાસ્તવિકતાનું ચિત્રણ કરતી ફિલ્મ વર્તમાન પંજાબ સરકાર સામે તહોમતનામું બનીને ઊભી છે ત્યારે સર્જકની ક્રિયેટિવિટી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના મુદ્દે શાસકોની કાતર સામે અમિતાભ બચ્ચન સહિતના કલાકારો એકી અવાજે અડીખમ સમર્થન આપી રહ્યાં છે.

# પ્રેમનું સરનામું એટલે પવિત્ર હૃદય




"પ્રેમ એટલે શું?" સને ૧૯૫૪માં સાહિત્યનું નૉબલ પારિતોષિક મેળવનાર ૨૦મી સદીના પ્રતિષ્ઠિત અમેરિકન સાહિત્યકાર – પત્રકાર અર્નેસ્ટ હૅમિંગ્વે (૧૮૯૯ – ૧૯૬૧) હંમેશા પ્રેમના પક્ષમાં રહ્યા છે. તેઓએ કહ્યું છે કે "પ્રેમ એટલે નામ-સરનામા વિનાના સંબંધનું પરબિડીયું. પ્રેમ એટલે હંમેશા સમર્પણની સોગાત. પ્રેમ એટલે પામવાનું નહીં, આપવાનું નામ. પ્રેમમાં માત્ર પ્રેમ પામી લેવાનો અને પ્રેમ જ માપી લેવાનો હોય. પ્રેમ એટલે આનંદ, ઉત્સાહ, હર્ષ, ઊર્જા, શક્તિ, ઉન્માદનો સરવાળો અને પ્રેમ એટલે દુઃખ, શોક, ઈર્ષા, ભય, ડર ઈત્યાદીની બાદબાકી."

"પ્રેમ એટલે શું?" પ્રેમ એટલે હોઠ પર બેઠેલા ઝાકળ પર લખેલી કવિતા. પ્રેમ એટલે નિરંકુશ બનીને હવામાં ઊડતું પતંગિયું. પ્રેમ એટલે શીતળ સમીરનો જાદુ. પ્રેમ એટલે પહેલા વરસાદની ઝરમર, ઝરમર. પ્રેમ એટલે આંખોની બારસાખે બેઠેલું ચોમાસું. પ્રેમ એટલે અષાઢની હેલી અને શ્રાવણનાં સરવડાં. પ્રેમ એટલે ફાગણના ફાગ અને બે આંખોમાં ઊડતા અબીલ-ગુલાલ. પ્રેમ એટલે ચૈતર-વૈશાખનાં વાયરા. પ્રેમ એટલે પ્રિયતમ યા પ્રિયાની ભીતરથી આવી રહેલા પરસેવાની ખુશ્બુ. પ્રેમ એટલે શીતકાળના સુસવાટામાં મળી આવતી શ્વાસોશ્વાસની ઉષ્મા. પ્રેમ એટલે જીદ. પ્રેમ એટલે ગુસ્સો. પ્રેમ એટલે રિસામણાં અને પ્રેમ એટલે મનામણાંની બારમાસી મોસમ. પ્રેમનું સરનામું એટલે પવિત્ર હૃદય.

"પ્રેમ એટલે શું?" પ્રેમ એટલે કલાકો સાથે રહ્યા પછી પણ એક ક્ષણ લાગે. પ્રેમ એટલે સમય થંભી જાય. પ્રેમ એટલે મિલનની કુંજગલીઓમાં ઘડિયાળ ભુલી પડી જાય. પ્રેમ એટલે સંવેદન-સંવનનની દિશાઓ ખુલી જાય અને દુનિયાદારીના રસ્તાઓ ભુલી જવાય. પ્રેમ એટલે મોગરાની મહેંક. પ્રેમ એટલે આળસ મરડીને બેઠી થતી રાતરાણી. પ્રેમ એટલે તાજા ખીલેલા ગુલાબની પાંખડીઓ ઉપર આસન જમાવીને બેસતા ઝાકળબિન્દુઓનું ક્ષણજીવી સામ્રાજ્ય.

પ્રેમ એટલે માદક બનીને સામે મળતી માંડવાની જુઈ. પ્રેમ એટલે લાગણીનો પરચો આપવા તૈયાર ચંપો. પ્રેમ એટલે પ્રતીક્ષાનાં તોરણ બાંધીને બેસતો આસોપાલવ. પ્રેમ એટલે રાહ જોતા રહેવાની રસ્મ. પ્રેમ એટલે કદીય ખતમ ન થાય એવો ખાલીપો. પ્રેમ એટલે કદીય ન છીપાય એવી તરસ. પ્રેમ એટલે સ્પર્શ નામની માછલીનો તરફડાટ. પ્રેમ એટલે? આપીને પામવાનું નામ એટલે પ્રેમ.

જીવનના સંબંધનું નામ એટલે પ્રેમ. દરેક બાબતોમાં ઍક્સપાઈરી ડૅટ હોઈ શકે. પ્રેમ નામના સંબંધમાં કોઈ ઍક્સપાઈરી ડૅટ હોતી નથી. પ્રેમ એટલે જાણે કૈલાસની ટોચેથી વહી નીકળતી અલકનંદાની ધારા અને પ્રેમ એટલે ગંગાસાગરનું દરિયા સાથેનું મિલન. પ્રેમ નામના સંબંધમાં પ્રેમનો અબીલ-ગુલાલ ઊડાડવાનો હોય છે, પ્રેમથી. મને ઘણા બધા આ પ્રશ્ન પૂછે છે કે પ્રેમ એટલે શું? હું કહું છું કે પ્રેમ એટલે જિંદગીનું સરનામું!

પ્રિયાનું નામ પ્રિયજનની લીલીકચ્ચ નસોમાં ઝરણું બનીને વહી રહ્યું હોય સતત – એટલે પ્રેમ. એ નદી બનીને પાછું પ્રિયજનના જ સમુદ્રમાં સમાઈ જાય છે, નિરંતર. આ જ તો છે પ્રેમ – આ જ તો છે જિંદગી.

પ્રિયાની આંખે પ્રિયજનના નામનું ઝાકળ એટલે પ્રેમ. જાણે ફૂલ પર સંબંધની સભા ભરી બેઠા હોઈએ તે પ્રેમ. પ્રિય વ્યક્તિના નામનો ખાલીપો જ્યારે આકાશ કરતા વધુ વ્યાપક, વધુને વધુ ફેલાયેલો અનુભવાય એ પ્રેમ. જેનો કોઈ અંત નથી, ખરેખર અનંત એટલે વળી પ્રેમ. પ્રિયજનનું નામ દરિયાની ભરતીની સાથે આવી જાય અને ઓટ સાથે ચાલ્યું જાય એવું નથી. એ તો ખુદ દરિયાની જેમ ચિરસ્થાયી છે.

પ્રેમમાં પ્રતીક્ષા તો આરામ બનીને ઘેરી જ વળે છે, ચોગમથી – સતત. પ્રિયજનના નામનો થાક કેમેય કરીને ઊતરે જ નહીં, એ પ્રેમ. પ્રિયાનું નામ દરોરોજ સવારે સૂર્યોદય બનીને પ્રિયજનના આંગણામાં વાવેલા છોડમાં ગુલાબની જેમ મહેંકે અને પ્રિયજન સૂર્યાસ્ત સુધીમાં કરમાતો જાય એટલે પ્રેમ. ફૂલોના મુલાયમ કાગળ ઉપર ઝાકળભીની સ્યાહીથી લખ્યું હોય પ્રિયાનું નામ – રોજનો હોય આ ક્રમ. મહેંકાવતું રહે પ્રિયાનું નામ, ફૂલોની સુવાસ બનીને અહર્નિશ –

ન ઉદય, અસ્ત – એનું નામ પ્રેમ.

પ્રકૃતિની વાટેઘાટે પડઘાય પ્રિયાનું નામ. પવનની લહેરખીની જેમ ઘેરી વળે પ્રિયાનું નામ. નિઃશબ્દ કુંજગલીઓની એકલતા એટલે પ્રેમ. અડાબીડ વનવેલીઓની સંગત એટલે પ્રેમ. મન પતંગિયું બનીને ઊડાઊડ કરે, ઘડીક બેસે, ઊડે ને બેસે, પરાગરજનો પ્રેમરસ પામતું

અનુસંધાન પાના નં. ૭ પર

# સેન્સર અને રાજનીતિ વચ્ચે 'ઉડતી સર્જકતા'...!!!




"પ.અફઘાનિસ્તાન અફીણનું સૌથી મોટું ઉત્પાદક છે અને ભારતના કમનસીબે ત્યાં સરકારો પણ અસ્થિર છે અને અધૂરામાં પૂરું બાજુમાં પાકિસ્તાન છે કે જેને આવા ગોરખધંધાની હેરાફેરી અને અને પ્રોત્સાહનની બહુ જૂની આદત છે. આ ઉપરાંત પાકિસ્તાનના પ્રોક્સી-વૉરનું એક ટાર્ગેટ પંજાબ પણ છે. ડી-કમ્પની અને આઈએસની મીલીભગતથી અફઘાનિસ્તાન-પાકિસ્તાનની સયુક્ત જોડી પંજાબમાં ડ્રગ ઘુસાડીને યુવાપેઢીને આ ખતરનાક લતે ચડાવી રહી છે પ" પ. "પ.ભારતમાં પણ આમ થતું જાય છે અને એને લીધે એક અંદાજીત આંકડા મુજબ ભારતમાં ડ્રગનું સેવન કરતા લોકોની સંખ્યા ૮ કરોડ જેવી છે અને ચિંતાની વાત એ છે કે એમાંથી ૬૦%થી ઉપરના એના હાર્ડકોર બંધાણી બની ગયા છે. ભારતમાં નશીલા ધંધાના મુખ્ય કેન્દ્રોમાં દિલ્હી અને મુંબઈ ટોચ પર છે જયારે સપ્લાયમાં પંજાબ અને કેરલા જયારે નશાના સૌથી વધુ બંધાણી મિઝોરમ, ત્રિપુરા, મણીપુર ગોવા અને પંજાબ જેવા રાજ્યોના લોકો છે પ." હજુ છએક મહિના પહેલા જ આ જગ્યાએ જ લખેલા આટીકલમાં ડ્રગ્સ અને ભારતમાં પ્રસરતા જતા એના વિકરાળ પંજા વિષે લખેલું જેમાં પંજાબ નું નામ મોખરે હતું. થેંક ગોડ કે પહેલાજ નિહલાનીની નજરમાં મારો આ આર્ટીકલ નહોતો આવ્યો નહિતર કા તો એ છપાત નહિ અને કા તો એમાં પણ ૮૮ કટ સૂચવત...!!! વાત છે રીયાલીટીથી દુર ભાગતા સેન્સર બોર્ડ અને ખાસ કરીને બની બેઠેલા નૈતિકતાના ઠેકેદાર પહેલાજ નિહલાનીની...!!!

મારા જેવા અનેકો કોલમિસ્ટ અને ટીવી પર આવતી રહેતી લાખો સ્ટોરીઓમાં પંજાબમાં ફેલાયેલા ડ્રગ્સના દુષણ વિષે અનેકોવાર ખુલ્લેઆમ લખાયેલું છે અને બોલાયેલું છે. હક્કીક્ત છે એ છે જ. હવે આ જ ડ્રગ્સની ખતરનાક દુનિયા અને પંજાબમાં ફેલાયેલી એની ખોફનાક જાળ પરથી ફિલ્મ બની છે "ઉડતા પંજાબ" જેને રીલીઝ કરવા માટેનું સર્ટી આપવામાં સેન્સર બોર્ડના ચેરમેન પહલાજ નિહલાનીને ૮૮ વાર વાંધો છે...!!! ૨ કે અઢી કલાકની ફિલ્મમાં ૮૮ વાર ફેરબદલ કરવો કે અમુક જગ્યાએ સંવાદ કે સીન જ સમૂળગો કટ કરવો એ ફિલ્મની ગતિ. વાર્તા અને વાર્તાની અસર પર કેટલી અવળી અસર પાડી શકે છે એ તો ફિલ્મ જોતા બધા જ સમજી શકે છે પણ નાં, પહેલાજ એન્ડ કંપનીને 'ઉડતા પંજાબ'માં સૌથી વધુ વાંધો તો ફિલ્મના ટાઈટલમાં આવતા 'પંજાબ' નામ સામે જ છે. એક્ચ્યુલી ભાયશ્રી પહેલાજનો વાંધો સમજી શકાય એવો છે. એક તો પંજાબમાં આવતા વર્ષે ચૂંટણીઓ આવી રહી છે અને બીજું કે પંજાબના લોકો આ ડ્રગ્સની સમસ્યાથી એટલા બધા ત્રાસી ગયા છે કે કશું જ સમજ્યા કે વિચાર્યા વગર દોષનો સઘળો ટોપલો પંજાબ સરકાર પર ઢોળે એવી પૂરી શક્યતા છે. હવે એવામાં જો શાહિદ, કરીના અને આલિયા જેવા સ્ટારવાળી આ મલ્ટીસ્ટારર ફિલ્મ રીલીઝ થાય તો સરવાળે એ વેદના અને રોષને વધુ વાચા મળે. એનું કારણ છે આપણા સમાજ પર સર્વાધિક રહેતી ફિલ્મોની અસર. એમાયે જો આવી વાસ્તવિકતાવાદી ફિલ્મ રજુ થાય તો સ્વાભાવિક છે કે એની અસરમાં આવેલ કે એનાથી ત્રાસિત લોકો પોતાની જાતને એની સાથે અચૂક જોડે જ અને સરવાળે જે પોતે નાં કહી શકતા હોય એ ફિલ્મના માધ્યમથી કહેતા થાય. ટૂંકમાં પહેલાજ ભલે ને નાં કહેતા હોય પણ આખાયે મામલામાં ક્યાંક ને ક્યાંક રાજકારણની બુ તો આવે જ છે. આમેય પહેલાજ ભાજપના સમર્થક તરીકે જાણીતા છે અને સ્વભાવિક છે કે કોઈએ કહ્યું ના હોય તો પણ પોતાની વફાદારી બતાડવા આવું કરતા હોય એમ પણ બને...!!!

પહેલાજ એન્ડ કંપનીને ફિલ્મના ટાઈટલ સિવાય અમુક સંવાદો સામે પણ વાંધો છે કે જેમાં પંજાબ વિધાનસભા, પંજાબી એમએલએ કે અમુક તમુક રાજકીય પાટીના નામ આવે છે. અરે મારા બબુચક પહલાજ, ટીવી પર કે છાપાઓમાં રોજેરોજ આવતા પંજાબ ના ડ્રગ્સના અનેકો સમાચારોમાં બિન્દાસ અને બેખોફ આ બધા જ નામો આવતા જ રહે છે. ટી.વી. પર રાતની ડીબેટસમાં આ લખનારે ઘણીવાર પાર્ટીઓ, નેતાઓ અને બીજા નામો સ્પષ્ટપણે સાંભળેલા જ છે તો પછી શું પહેલા જ એમ સમજે છે કે ફિલ્મોમાં આવે એ જ સાચું અને લોકો એને જ યોગ્ય ગણશે? સાંભળતા જ હસવું આવી જાય એવી વાત છે. એકબાજુ ફિલ્મોને ફિક્શન ગણવામાં આવે છે તો આવી ફિક્શન ગણાતી પણ સાચી લાગતી વાર્તા પર આટલો બધો ક્રૂર અત્યાચાર કેમ? પહેલાજે આ બુદ્ધિનું પ્રદર્શન પહેલી વાર નથી કર્યું. હમણા જ રીલીઝ થયેલી જેમ્સ બોન્ડ સીરીજની ફિલ્મ 'સ્પેકટર' માં કિસના એક સીન પર કટાર ફેરવી દીધી...!!! લોલ્ઝઝ્ઝ્ઝ... આજે બચ્ચા બચ્ચા કિસુ-બીસુ વિષે પહેલા જ કરતા પણ વધુ જાણતું હશે એવામાં કિસના સીન પર કાતર ફેરવીને આ ભાય શું સાબિત કરવા માંગતા હશે? એમની બુદ્ધિનું સ્તર જ કે બીજું કાંઈ ?! હમણા જ જાન્યુઆરી ૨૦૧૬માં સમલેંગિક વિષય પર બનેલી અને સત્યઘટના પર આધારિત ફિલ્મ 'અલીગઢ' માંથી સમલેંગિક શબ્દો હટાવવાની મૂર્ખાઈભરી માંગણી આ જ પહેલાજે કરેલી..!! અરે ભાય ટીવી અને છાપાઓમાં આવા શબ્દો બેધડક વપરાય જ છે, ઈવન રોજબરોજની વાતચીતમાં પણ વપરાય છે અને ખાસ તો લોકોને એની ખબર છે કે એ શું છે અને શા માટે છે? તો પછી આવું અક્કલનું દેવાળું કાઢવાનો શું અર્થ?

ફિલ્મો એ સમાજનું પ્રતિબિંબ છે એમાં નાં નહિ અને આપણે ત્યાં નવી પેઢીના સર્જકો વધુ ચોકલેટી ફિલ્મોથી આગળ વધીને વધુ યથાર્થવાદી ફિલ્મો બનાવતા થયા છે એ હકીકત છે. જે તે ક્ષેત્રની વાર્તા રજુ કરતી ફિલ્મમાં સ્વાભાવિક છે કે એ જ પ્રદેશની વાત કહેવાતી હોય છે અને એમાં કશો વાંધો ના હોવો જોઈએ. જેમકે પ્રકાશ જા ની ફિલ્મોમાં બિહારની જ વાત હોય છે અને બિહારી માફિયાગીરી અને વ્યવસ્થા પર એમની ફિલ્મોમાં બિન્દાસ ચિત્રણ પણ હોય છે એ જ રીતે ગુજરાતી બેકગ્રાઉન્ડ કે ગુજરાતી પાત્રોવાળી વાત કહેતી ફિલ્મોમાં ખમણ-ઢોકળા કે ગુજરાતી વ્યાપારવૃતિ કે બીજી ખાસીયતોનું ચિત્રણ હોય જ છે પણ આજ સુધી એનો કોઈએ વિરોધ કર્યો નથી કેમકે જે તે પ્રદેશની વાત કહેવા એ પ્રદેશના ઈફ અને બટસ રજુ કરવા જ પડે, હવે જો વાત પંજાબ અને એમાં ફેલાયેલા ડ્રગ્સના દાનવી પંજાની હોય તો સ્વાભાવિક છે કે એમાં વારેવારે પંજાબ અને ત્યાના લોકોનું નામ આવવાનું જ...!!! "પંજાબ નામનો એક કાલ્પનિક પ્રદેશ હતો" એવું તો બિચારો અનુરાગ કશ્યપ કેમ કરીને બતાવે..?!

સેન્સર બોર્ડનું કામ ફિલ્મોમાં આવતા એવા સીન, શબ્દો કે પરિસ્થિતિને ચકાસવાનું અને જરૂર પડ્યે એને મઠારવાનું છે અને એ જરૂરી પણ છે પણ 'ઉડતા પંજાબ' જેવી ફિલ્મો કે જેનો વિષય જ જાણીતો અને સત્ય છે એમાં છેડછાડ કરવી એ કાંઈ સમજાયું નહિ? ૧૨૫ કરોડના આ દેશમાં ૬૦% લોકો ૨૨થી ૪૦ની વચ્ચેના છે મતલબ કે દેશ જ એટલો યુવાન છે કે એને કોઈ કટની જરૂર નથી. ફિલ્મ જોનારની પોતાની માનસિકતા અને બુદ્ધિ હોય છે અને એ મુજબ જ ફિલ્મો જોવાતી હોય છે. ક્રિટિકસોના કહેવા મુજબ કે સેન્સર બોર્ડના સૂચવ્યા મુજબ ફિલ્મો નથી જોવાતી.આપણો દેશ અને ખાસ કરીને ફિલ્મો જોનાર વર્ગ એટલો પણ અક્કલમઠ્ઠો નથી કે પહેલા જ જેવા લોકોએ એ સમાજનું ધ્યાન રાખવું પડે. દેશમાં વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય છે તો ફિલ્મો જોનારને જ નક્કી કરવા દો કે જે તે ફિલ્મ જોવાલાયક છે કે નહિ? કોઈ મુઠ્ઠીભર લોકો દર્શકોએ શું જોવું અને શું નહિ એ કેવી રીતે નક્કી કરી શકે? હા ફિલ્મો બનાવનારે પોતે પોતાની રીતે જ એક સર્જનાત્મક લીમીટેશન રાખવું રહ્યું. બાકી આજે જ્યારે મોબાઈલ પર બેધડક પોર્ન ઉપલબ્ધ છે, ટીવીમાં રોજ ડીબેટો કે પ્રોગ્રામોમાં બિન્દાસ શબ્દો, દશ્યો અને આકરી વાતો કહેવાતી હોય એવામાં સત્ય હકીકત કહેતી 'ઉડતા પંજાબ' જેવી અને આવનારી બીજી અનેકો ફિલ્મોની રીલો પર સંકુચિતતા અને રાજકારણની કાતર ફેરવવી સર્જનતા પર તાનાશાહીથી વિશેષ કશું નથી...!! ધીસ સુડ બી સ્ટોપ્ડ....સિરીયસલી...!!!

# સંસ્કૃત શબ્દાવલિ અને તાજગીસભર કલ્પનોનું માધુર્ય 'સમયસ્ત્રોત' : ભાગ્યેશ જહા




(ગતાંકથી આગળ...)

અહીં બે ચકલી દ્વારા અજવાળાને સાંધવાની ક્રિયાત્મક વાત (કલ્પન) આપણી ભાષામાં નવી છે. "રાત્રિ - મારે આંગણે આવેલી આકાશકન્યા"માં શ્વાસ લેવાની ક્રિયાને "ફેફસામાં એક ચમચી પવનાહુતિ પધરાવું છું"કહીને સર્જક છેક યજ્ઞ સંસ્કૃતિ સુધી ભાવકોને ખેંચી જાય છે. રાત્રિના સૂમસામ રસ્તા સંદર્ભે અપાયેલા કલ્પનો કાવ્યાત્મક અને સ્પર્શે એવા છે. "ટેકનોલૉજી - વ્યામોહ કે વિભૂતિયોગ?"માં આઈપેડ અને કોમ્પ્યુટરની અગોચર દુનિયાની સીધી સ્પષ્ટતાઓ અને ખુબ જ સાહજિકતાથી ઘરની રોજિંદી ક્રિયાઓ સાથે વણી લઈને રજુ કરી છે. આ બધું વ્યાહોમના વર્તૂળો છે કે વિભૂતિયોગ? એવો પ્રશ્ન પણ આપણી સમક્ષ મૂકે છે. "ગાંધીનગર અને મારી બારાખડી"માં સર્જકનું ગાંધીનગરમાં બાળપણથી થતું આગમન અને એ વખતના સંસ્મરણો પ્રગટ થયા છે. તો વળી "એક અદ્વિતીય - શબ્દ થકી શબ્દાતીતની"નિબંધ સંસ્કૃતના તત્સમ શબ્દોના સૌન્દર્યથી છલકતો છે. "રક્ષાબંધન રવિકિરણ સાથે"માં રક્ષાબંધનની વહેલી સવારની સંવેદના છે. ઓટલા પર કીડિયુંની હારને ઓટલાની જનોઈનું રૂપક, મેચ્યોર્ડ લીમડો અને કોમ્પ્યુટરનું બટન અને જનોઈની બ્રહ્મગાંઠનું સાયુજ્ય - સામીપ્ય વૈશ્વિક ચેતનાની અનુભૂતિ કરાવે છે. "ધ્વનિ અને અજવાળાની સરહદ પર"માં દિવાળીના ઉત્સવની વાત - સરકારી કાર્યરૂપે થયેલી ઉજવણીનું સંસ્કૃતિમય દર્શન છે. "ત્વમેકા ભવાની"માં નવરાત્રિની ભક્તિમય ક્ષણોનું પ્રાગટ્ય છે. "તમે યાદ આવ્યા"માં એક એવોર્ડ સમારોહની વાત છે. "પોતાનું અજવાળું" દિવાળીના અવનવા તાજા કલ્પનોથી ઠસ્સોઠસ ભરેલા આ નિબંધના દિવાળી સંદર્ભના થોડા માત્ર કલ્પનો - રૂપકો જોઈએ તો - "મરૂન અંધારું, દિવાળી મીઠાઈમાં સંતાયેલા ડાયાબિટીસને હરાવવાનો ઉત્સવ, કેલેન્ડરનો ડટ્ટો નહીં પણ મારી પ્રિય કાળરાત્રિનો દુપટ્ટો, તુલસીના છોડમાં શ્રદ્ધાનો દીપક, રંગોળીમાં દીકરીઓના ટહુકા ચિતરવા, ચકલીની ચાંચમાંથી લસરતું આકાશ. લાઈનબંધ મૂકેલા દીવા જાણે ફરજ પરના પોલીસ જવાનો, ... આ બધું એક સાથે કોના નિબંધોમાં જોવા મળે છે? આવા ટૂંકા નિબંધમાં પણ સર્જક ભાવકોને દિવાળીનો કાવ્યાત્મક અનુભવ કરાવવામાં સફળ રહે છે.

"વિરાટનો હીંડોળો"માં ડિસેમ્બરની સવાર અને ત્રણ સર્જકોના પુસ્તક વાચ્યાના આનંદની અનુભૂતિ લાવે છે તો વળી અહીં ભાષાને વૃક્ષનું રૂપ આપીને સર્જક લખે છે કે "મારી ભાષાનાં પાંદડાં ગીતાના ઊર્ધ્વમૂલ વૃક્ષની બખોલમાં ગોઠવાય છે." અને પછી એલિસ મનરો, મણિલાલ પટેલ, અને કન્નડ કવિ ચન્દ્રશેખર કમ્બારની ભાષા સાથે પોતાની ભાષા અને સંવેદનનું સાયુજ્ય સાધીને પોતાની વાત રજુ કરે છે. "આકાશ ઘરે આમંત્રણ"માં રંગીન પતંગોની અવનવી દુનિયા, આકાશના અવનવા રંગો અને ભાષાની તાજગીસભર મુગ્ધતા લઈને આ નિબંધ હવાની બિલાડીનો આંટો મારવો, કેલેન્ડર સામે તાકી રહેલી ગરોળી અને કવિતા રજુ કરતું પતંગિયું જેવા કલ્પનો નિબંધને આસ્વાદ્ય બનાવે છે. "દીવાદાંડી તૂટવાનો અવાજ" નિબંધ ધીરુભાઈ ઠાકરના મૃત્યુની અનુભવેલી સંવેદના વિશે છે. "દ બૉલનો દ"માં ગુજરાતી ભાષા અને શિક્ષણના મહત્વની વાત એક પડોશમાં રહેતા ધૈર્યના સંવાદ દ્વારા ખુબ માર્મિક રીતે રજુ થઈ છે. "વસંતની વસાહત"મ્હેકથી મઘમઘતો તાજગીસભર નિબંધ છે. આમ જોઈએ તો ગુજરાતી સાહિત્યમાં વસંત પર ખુબ લખાયું છે. પણ અહીં વસંતને વૈશ્વિકરૂપ આપીને એની ગ્લોબલ અનુભૂતિ ભાષાબદ્ધ કરી છે. સર્જક કહે છે કે "ગુલાબ અદબ વાળીને ઊભું રહે તે ના પોસાય" વસંત આપણી મફલર વીંટેલી ભાષાને તડકાનું આમંત્રણ છે. "ડિજિટલ દેવભૂમિ" નિબંધમાં ઘરની બારી પાસે બેસીને લેપટોપની વિન્ડોઝ ખોલીને થતું સ્ક્રીન પર આકાશદર્શન અને એમાંથી વિસ્ફોટાતી વૈશ્વિક દુનિયાની દશ્યાવલિ આ નિબંધને જ્ઞાનસભર બનાવે છે. ડિઝિટલની દુનિયાની સૂક્ષ્મતા અને વૈદિક સંસ્કૃતિની વ્યાપકતાના અનુબંધો ગૂંથવાની વાત સર્જકને એક ઊંચાઈ બક્ષે છે. "મળી માતૃભાષા મને ગુજરાતી" માં માતૃભાષાનો મહિમા છે. "શબ્દનું શિવાલય"માં બાળસહજ ભાવે પિતાની સાથે રહીને આરંભાયેલી શિવ આરાધના જ્યારે સમજભાવે અનુસંધાન કેળવે છે ત્યારે શિવાલય અને શબ્દાલયનો અનુબંધ વૈદિક મંત્રોની ભાવાનુભૂતિ જગાવે છે. અને ભાવકને શિવોહમની ગૂંજ સુધી લઈ જાય છે. "શાશ્વતની સંગત" માં કવિ હરિશ્ચન્દ્ર જોશી દ્વારા નરસિંહ મહેતાથી લઈને જાતુષ જોશી સુધીના કવિઓના સ્વરબદ્ધ કરેલા ગુજરાતી ગીતોની છ સી.ડી.ના લોકાર્પણની વાત છે. "સ્ત્રી - ઈશ્વરનું અનુપમ સર્જન, પુરુષ જેવું જ" માં મહિલા આંતરરાષ્ટ્રીય દિવસ પર વ્યંગ્ય કરતા સર્જક લખે છે કે "મહિલાનો દિવસ ના હોય, સદીઓ હોય"અહીં સ્ત્રીના મૂળ અર્થની વિભાવના અને માહાત્મ્ય દર્શાવ્યું છે. આ સંગ્રહના અંતિમ નિબંધ "પોપચાંની પિચકારી"માં હૉલી ધૂળેટીના આગમનની - ઉત્સવની આનંદાભૂતિમય ક્ષણોનું પ્રાગટ્ય છે.




આમ "સમયસ્ત્રોત"ના નિબંધો એક પોતાનું અલગ શબ્દવિશ્વ - ભાવવિશ્વ અને કલ્પનવિશ્વ લઈને આવે છે. અહીં ભાષાની શુદ્ધતા, ભવ્યતા અને દિવ્યતા જોઈ શકાય છે. અહીં રૂપકો અને કલ્પનોની તાજગી વર્તાય છે એમાં અત્યાધુનિક પરિસ્થિતિનો ચિતાર અને વૈશ્વિક ચિંતનની નવી દિશાઓ ખૂલતી દેખાય છે. જો કે સર્જક આ નિબંધોમાં અમૂક શબ્દો વારંવાર પ્રયોજતા જોવા મળે છે. ખાસ કરીને "ભાષા" શબ્દ લગભગ દરેક નિબંધોમાં અનેકવાર પ્રયોજાયેલો છે. જેનું વારંવાર થતું પુનરાવર્તન ક્યારેક નિબંધના આંતરતત્વને વિખેરી નાખે છે. અન્ય શબ્દોમાં "અજવાળું, દીવાસળી, હવા, ટહુકો, ચેતના, કોયલ, વૃક્ષ, પંખી, આકાશ, ફૂલો, પવન, પર્વત, મધુમાલતી, કાલિદાસ, બારાખડી, કેલેન્ડર, સવાર, આવા અનેક શબ્દો વારંવાર પ્રયોજાયા છે. વળી ક્યાંક ક્યાંક ભાષા અને કલ્પનોના ટૂકડાથી નિબંધનું પોત ઘડાયું છે. જેને કારણે સમગ્ર નિબંધનો પીંડ બંધાતો નથી. "કવિ - શિવ અક્ષરનો દુભાષિયો" નિબંધ ૩૮ પંક્તિનો છે જેમાં ૩૪ વખત "છે" પ્રયોજાય છે. નિબંધનું ભાવજગત વાક્યખંડોની અર્થરૂપતા અને શૈલીથી નિર્મિત થતું હોય છે. એક જ કાળપ્રવાહથી એ અસરકારક બની શકતું નથી. નિબંધકાર નિબંધમાં ત્રણેયકાળમાં ભાષાવિહાર કરી શકે છે.

સંસ્કૃતભાષાના જ્ઞાનને લીધે આ ગુજરાતી નિબંધો કલ્પનોસભર અને અર્થપૂર્ણ બન્યા છે. અહીં પ્રયોજાયેલી ગુજરાતી ભાષાની અભિવ્યક્તિમાં એક નવી ઉર્જા જોઈ શકાય છે. અહીં સર્જક નહીં સર્જકની ભાષા આજના વિવેચકોને પડકાર ફેંકે છે કે લો, ઉઠાવો કલમ - આ રહ્યો ધસમસતો મારો ભાષાપ્રવાહ અને નવી ચેતના. અહીં તત્સમ શબ્દાવલિની હારમાળાઓ જોવા મળે છે. દરેક નિબંધોમાં વિશ્વ સાહિત્યના કોઈ ને કોઈ નવા પુસ્તકોની કે સર્જકોની વાત આવે જ છે. અહીં લગભગ તહેવારો કલમબદ્ધ થયેલા છે.

આ નિબંધના રૂપકો - કલ્પનો જોઈએ તો .. " નવા પુસ્તકની ગંધ, ઉપનિષદના ઋષિની અદાથી ઊભેલો લીમડો, ભાષાની ઉકળતી ચા,

અનુસંધાન પાના નં. ૭ પર